R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 05 • ISSUE : 05 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH JANUARY 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

HD FIRE PROTECT
Protecting what matters most to you

| PASSION | EXCELLENCE | GROWTH |




At HD Fire, we don't just make fire-fighting products; we provide peace of mind.
With installations in 25,000+ locations across 90 countries, we bring safety when it matters the most.

HD FIRE PROTECT PVT. LTD.
Corporate Headquarters: D-6/2, Road No. 34, Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 21582600 | Fax: +(91) 22 21582602 | Email: info@hdfire.com

UL LISTED | FM APPROVED | VdS | CE

www.hdfire.com | @HdFireProtectPvtLtd | @hd-fire-protect | @TheHdfire

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

શ્રી આર્ય–જય–કલ્યાણ–ગૌતમ–ગુણ–ગુણોદય–કલા–કવી–વીર મહોદયસૂરીભ્યો નમઃ ।



શ્રી પારોલા તીર્થે... શાંતિનાથ દરબારે...

## પ.પૂ.સા. જિનાજ્ઞાંશુશ્રીજી મ.સા.ની વડી દીક્ષા

પ્રસંગે પધારવા

# નેહ નિતરતું નિમંત્રણ

**પોષ વદિ ૬, સ. ૨૦૮૧ તા. ૧૯/૧/૨૦૨૫ રવિવાર**

**દિવ્યકૃપા**

રાષ્ટ્રસંત, ભારતદિવાકર, અચલગચ્છાધિપતી
પ.પૂ.આ.ભ.શ્રી ગુણસગારસૂરીશ્વરજી.મ.સા.
તપચક્રચક્રવર્તી, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી.મ.સા.
જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી. મ.સા.

**શુભાશિષ**

સૌમ્યસ્વભાવી અચલગચ્છાધિપતિ
પ.પૂ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**તારકનિશ્રા**

સહજાનંદી, અજોડ શાસનપ્રભાવક,
પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
પ્રખર વ્યાખ્યાતા
પ.પૂ.મુનિ.શ્રી કલ્પતરૂસાગરજી મ.સા.

**દિવ્યકૃપા**

આગમ અભ્યાસી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.
સૌમ્યસ્વભાવી પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

**શુભાશિષ**

ભક્તિરસિકા પ.પૂ. જયધર્માશ્રીજી મ.સા.

**પાવન સાનિધ્ય**

સ્વાધ્યાયપ્રેમી પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા. ના સુશિષ્યા
શાંતસ્વભાવી પ.પૂ. મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.
આદી ઠાણા ૫
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના સુશિષ્યા
ખાનદેશરત્ના પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.
આદી ઠાણા ૩

સાદર જય જિનેન્દ્ર ! પ્રણામ !

સહર્ષ જણાવવાનું, અમારા મહાન પુણ્યોદયે અમને પારોલા તીર્થમાં પ.પૂ.આચાર્ય ભગવંત સહિત ચતુર્વિધ શ્રી સંઘનો તથા પ્રથમવાર સાધ્વીજી ભગવંતની વડી દીક્ષાનો અમૂલ્ય લાભ મળેલ છે. આ પ્રસંગે પધારી શાસનશોભામાં અભિવૃદ્ધી કરશોજી:

..........મંગલમય કાર્યક્રમ..........

**સવારના ૭.૦૦ ક. – પ.પૂ. આચાર્ય ભગવંતનો પાવન પ્રવેશ – સામૈયું.**
**સવારના ૭.૪૫ ક. – સકલ શ્રી સંઘની નવકારસી**
**સવારના ૮:૩૦ ક. – શ્રી વડી દીક્ષા વિધિ પ્રારંભ**
**બપોરના ૧૨.૩૦. – સકલ શ્રી સંઘનું સ્વામિવાત્સલ્ય**

..........સ્થળ..........

**શ્રી શાંતીનાથ દેરાસર, રથ ગલ્લી, પારોલા જી. જલગામ**

વડી દીક્ષા ના સ્વામી વાત્સલ્ય ના લાભાર્થી :– **અ.સૌ. અલ્પાબેન ભાવેશ મોમાયા રજત લગ્નવર્ષગાઠ નિમિત્તે હસ્તે– સૌ. લેખાબેન ધનપતી મોમાયા પરિવાર (બારોઈ) જલગામ**

લી.

**ધનપતિ કુંવરજી મોમાયા, જલગામ** – પ્રમુખ
**પીયુષ ચંદુલાલ ડાઘા, પારોલા** – ઉપ પ્રમુખ
**હરીષ પદમશી લોડાયા, અમલનેર** – માનદ મંત્રી

સંપર્ક સુત્ર...
દિનેશભાઈ લોડાયા
9325578355
હરીષભાઈ લોડાયા
8668976635

**શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તીપૂજક જૈન શ્રીસંઘ, પારોલા**

તેમજ કારોબારી કમેટી તથા ટ્રસ્ટ બોર્ડના સભ્યોના બહુમાન પૂર્વક જયજિનેંદ્ર વાચશોજી

તા.ક. – સહજાનંદી, અજોડ શાસનપ્રભાવક, પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. પારોલા તીર્થથી ચોપડા, ધરણગાંવ, અમલનેર, જલગામ, ધુલિયા, બલસાણા, માલેગામ વિગેરે ખાનદેશના ગામોની સ્પર્શના ના ભાવ રાખે છે.

|| ચારિત્ર કલ્યાણ ||

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ ઈ.સ. ૧૯૨૩





સ્થાનિક ઓફિસ : ચારિત્ર કલ્યાણ માર્ગ, સ્ટેશન રોડ, સોનગઢ, જિ. ભાવનગર, પીન : ૩૬૪૨૫૦. ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૨૪, ૨૪૪૬૪૫.
મુંબઈ ઓફિસ : ૨/૩૪, મિનર્વા બિલ્ડીંગ, માધવદાસ પાસ્તા રોડ, દાદર. (સે.રે.) મુંબઈ - ૪૦૦૦૧૪. ફોન નં. ૨૪૧૬૫૬૩૯, મો : ૮૩૫૬૮૮૧૫૫૯.

100 શતાબ્દી વર્ષ

## સોનગઢ રત્નાશ્રમ એટલે સર્વાંગી વિકાસની યુનિવર્સિટી

Year 2025-26
ADMISSION
OPEN

- પરિવારનું ભાન, સંબંધોનું દાન, સુખના સરવાળા અને દુ:ખના ભાગાકાર, ભાષાઓની ભવ્યતા, ભવના કર્મોની ભવ્યતા, વર્તમાન પરિસ્થિતિઓનું જ્ઞાન, આત્મજ્ઞાનના પ્રયોગો, આંતરસૂજનો ઉપયોગ, જીવનમાં અવનવા રંગોની પૂરણી અને વ્યક્તિત્વના પરિણામોનું જ્ઞાન અને સમજણ આપતી યુનિવર્સિટી એટલે સોનગઢ રત્નાશ્રમ
- જ્યાં સંસ્કારોનું સિંચન અને વ્યક્તિત્વનું ઘડતર થાય છે.
- જ્યાં માટીમાંથી મહામાનવ, પથ્થરમાંથી પ્રતિમા અને રત્નનો ઘાટ આવિષ્કાર પામે છે.
- જ્યાં ક્રાંતિકારી ધર્મધુરંધર બાપાશ્રીઓ ધ્રુવ તારક સમા આશીર્વાદ વરસાવે છે.
- જ્યાં નિત્યપણે મળતું અને આચરાતું ધાર્મિક શિક્ષણ સ્વાધ્યાય, તત્વજ્ઞાન, જયણાપૂર્વકના જીવન વગેરેથી સાર્થક થાય છે..
- જ્યાં તમામ સમુદાયનાં વિહાર કરતા સાધુ અને સાધ્વીજી ભગવંતો, યાત્રાળુઓ અને સંઘો વગેરે રત્નાશ્રમ પરિવારની અભિનંદના વારંવાર સ્વીકારતા રહ્યા છે...
- જ્યાં ભૌતિકતા પણ આધ્યાત્મિકતામાં ઝબોળાયેલી ભવ્ય અને મુઠ્ઠી ઊંચેરી છે...
- જ્યાં માનસરોવરના નિર્મલ જળ સમાન મનવાળા વિદ્યાર્થીઓ જીવનમાં શિક્ષણના રંગો પુરી ધન્ય બને છે..
- જ્યાં સાદું જીવન-ઉચ્ચ વિચાર અને ઉપરથી જૈન ધર્મનું જડતર થાય છે.
- જ્યાં અભ્યાસ કરતો બાળક સ્વધર્મ, કુળપરંપરા, રાષ્ટ્રભાવના, વિશ્વકલ્યાણ, આત્મજ્ઞાન અને મૈત્રીભાવને સહજ કેળવે છે...
- જ્યાં છેલ્લા કેટલાક વર્ષોથી બન્ને માધ્યમથી શાળાઓનું S.S.C. નું ૧૦૦% આવે છે.
- જ્યાં દરેક ગુરુજનો જ્ઞાની યુવાન અને ઉત્સાહી છે. વિદ્યાર્થીઓ સાથે મિત્રતાપૂર્ણ વાતાવરણમાં ભણવાનું અને ભણાવવાનું એટલે વર્ગનું સ્વર્ગમાં રૂપાંતર..
- જ્યાં આવેલું દિશાશુન્ય બાળક અભ્યાસના અંતે પોતાના સોનેરી સોણલાં સફળ કરી શ્રેષ્ઠ કારકિર્દી પામે છે..
- જ્યાં ઉચ્ચ ધ્યેયોને આંબવા બાળકો, મૂલ્ય નિષ્ઠ ગુરુકુળ પરંપરાએ શિક્ષણ પામી રહ્યા છે.
- જ્યાં ડીજીટલ શિક્ષણની મદદથી વિવિધ વિષયોનું શિક્ષણ પ્રોજેક્ટ દ્વારા આપી બાળકોને સહેલાઈથી શીખવવામાં આવે છે..
- જ્યાં પ્રકૃતિ પોતાનું સૌંદર્ય ખોબલે ખોબલે વરસાવી રહી છે.. જ્યાં મજબુત બાંધા અને અડગ પાયાનું ચણતર થાય છે...
- જ્યાં ભવ્ય ભોજનશાળામાં શુદ્ધ, સાત્વિક અને પોષ્ટિક ભોજન અને દૂધ નાસ્તા વડે બળ પુષ્ટિ કરાય છે.
- જ્યાં બાળકોના નખશીશ સ્વાસ્થ્ય અને તમામ આવશ્યકતાઓ પ્રત્યે સતત જાગરૂકતા દાખવાય છે...
- જ્યાં થયેલું આગમન વિદ્યા સાધનાની તપોભૂમિની દિવ્યતાને પોતાના જીવનનું આગવું સંભારણું બનાવે છે.
- સાચા અર્થમાં કેળવણીની પરિભાષા એટલે બાળકના હૃદય, હાથ અને મનની સર્વાંગપૂર્ણ ખીલવણી અને આ કેળવણીનું સ્થળ એટલે સોનગઢ રત્નાશ્રમ.
- સોનગઢ રત્નાશ્રમ એટલે ઉત્તમ માનવી તરીકેનું જીવન જીવવાની કળા પીરસતી માતા
- એકમાત્ર એવી સંસ્થા કે જ્યાં વિદ્યાર્થીઓએ પરીક્ષામાં મેળવેલ ગુણ કરતાં જીવનમાં કેળવેલ ગુણને વધુ મહત્વ અપાય છે, શ્રેષ્ઠ શિક્ષણની સાથે સાથે ઉચ્ચકોટિના મૂલ્યો તથા સિધ્ધાતોને વિદ્યાર્થીમાં રોપવામાં આવે છે.
- આજના વિશ્વમાં જ્યાં ઠેર ઠેર શિક્ષણની હાટડીઓ ખૂલી ગઈ છે ત્યાં વિનામૂલ્યે ગુણવત્તા સભર શિક્ષણ આપતી સમાજની એક માત્ર સંસ્થા એટલે સોનગઢ રત્નાશ્રમ











## વહેલાં તે પહેલાનાં ધોરણે પ્રવેશ આમંત્રણ

**વર્ષ ૨૦૨૫-૨૬ એડમિશન પ્રક્રિયાની તારીખ**

સંસ્થા દર્શન, રૂબરૂ ઈન્ટરવ્યું અને એન્ટ્રેન્સ ટેસ્ટ માટે

**તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ રવિવારે**

બાળક સાથે માતા અને પિતાએ રૂબરૂ સોનગઢ પધારવાનું રહેશે

**સંસ્થાના પાંચ સ્તંભો જ્યાં બાળકોનું ભણતર-ચણતર ને ગણતર થાય છે.**

- માતુશ્રી ઉમરબાઈ લાલજી એન્કરવાલા (ગુજરાતી માધ્યમ) વિદ્યામંદિર
- શ્રીમતી મણીબેન વીરજી ધરોડ પત્રીવાલા પ્રાથમિક (અંગ્રેજી માધ્યમ) સ્કૂલ
- શ્રી કચ્છ કેસરી જૈનાચાર્ય પૂનમચંદ્રજી (ગુજરાતી માધ્યમ) હાઈસ્કુલ
- શ્રી રતનશી ઉમરશી રાંભિયા (અંગ્રેજી માધ્યમ) હાઈસ્કૂલ
- શ્રી જે.કે.શાહ જુનિયર કોલેજ (ધોરણ ૧૧-૧૨ અંગ્રેજી માધ્યમ)

માનદ્ મંત્રીઓ : શ્રી અતુલ જગશી શેઠિયા, શ્રી અશોક વેલજી ગોગરી, શ્રી ચંદ્રેશ લક્ષ્મીચંદ છેડા, શ્રી સંજય હરખચંદ દેઢિયા

RINKAL GALA : 9870834031

**તંત્રી સ્થાનેથી**

તા. ૫.૧.૨૦૨૫ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રીમતી ચંદ્રિકાબેન ભૂપેન્દ્ર લોડાયા-જખૌ (પુના) નો લેખ પ્રકાશિત છે.

**- CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150**



# સમાનતા અને સદ્‌ગુણો -તંદુરસ્ત સમાજનાં મૂળિયાં

પ્રકાશ સમીક્ષાના જૂના અંકો તપાસતાં લગભગ સિત્તેરેક વર્ષ પહેલાંના એક લેખે મારું ખાસ ધ્યાન ખેંચ્યું. એમાં એવો અભિપ્રાય દર્શાવાયો હતો કે હતો કે પુત્રો પગભર થાય તે પહેલાં માતા-પિતા તેમનાં લગ્ન કરી નાખીને પોતાના પર અવલંબિત રાખે છે. પુત્રોને ત્યાં સંતાનો થતાં પોતાના કુટુંબના નિભાવ માટે તેમને મા-બાપની આણ હેઠળ જીવવું પડતું. આપણી જ્ઞાતિની વિચારસરણી હંમેશા પ્રગતિશીલ રહી છે પરંતુ સિત્તેર વર્ષ પહેલાં આવો વિચાર સમયથી ઘણો આગળ હતો. ત્યારે વ્યક્તિના હિત કરતાં સમાજનું હિત અગ્ર ક્રમે હતું તેથી વ્યક્તિની પોતાની સ્વતંત્રતાનું ખાસ મહત્ત્વ નહોતું. જ્યાં પુત્રોને પરાવલંબિત રાખવાની વૃત્તિ હોય ત્યાં પુત્રીઓની તો વાત જ શી કરવી? હું નાની હતી ત્યારે અમને કન્યાઓને વારંવાર કહેવામાં આવતું, 'સાસરે જવાનું છે...' અમારો ઉછેર જ એ રીતે થયો કે અમારે બીજા પરિવારમાં સમાઈ જવાનું છે, એમનાં મન જીતવાનાં છે, એમને પસંદ હોય તે રીતે રહેવાનું છે. પણ અમને કોઇએ એમ ન કહ્યું કે, 'આ તારી પોતાની જિંદગી છે જે તને પોતાને ગમે તે રીતે જીવવાની છે.'

આજે વખત બદલાઈ ગયો છે. મોટા ભાગે છોકરીઓને પોતાની ઇચ્છા મુજબ જીવવાની છૂટ માતા-પિતા તરફથી આપવામાં આવે છે. તેઓ ઉચ્ચ અભ્યાસ કરી પગભર થઇ શકે તેને ખાતર ઘરકામમાંથી છુટ્ટીથી માંડીને બીજી બધી જ સગવડો તેમને આપવામાં આવે છે. અહીં એવો મતલબ નથી કે છોકરીઓને ઉચ્ચ અભ્યાસ કરવા માટે સગવડો ન આપવી, પરંતુ સારી જિંદગી જીવવા સંતુલન જરૂરી છે. અતીતમાં છોકરીઓને ઘરકામમાં રોકી રાખતાં ત્યારે ય સંતુલન નહોતું તો આજે પૈસા કમાવવાથી બધું મળી જશે એવી માન્યતામાં પણ સંતુલન નથી. 'જેને પેટ હોય એને રાંધતાં આવડવું જોઈએ,' આ નવા જમાનાનો મંત્ર છે. એ ન્યાયે છોકરો હોય કે છોકરી, સંતાનોને પાયાનું ઘરકામ શીખવવાની જવાબદારી માતા-પિતાની છે. આમ થશે તો ભવિષ્યમાં ગંભીર પ્રશ્નો ઉપસ્થિત નહીં થાય.

પતિ-પત્ની મળીને સંસાર રચે છે, ઘરનું નિર્માણ કરે છે. ઘર અને સંસારને સુપેરે ચલાવવાની જવાબદારીનું પણ બંનેએ સમભાગે વહન કરવાનું હોય છે. બંને માત્ર ભણ્યા જ નહીં 'ગણ્યા' પણ હોય તો સહજીવન વધુ સહ્ય બનશે. ગૌતમ બુદ્ધે સમતોલતા પર ઘણો ભાર મૂક્યો હતો. એકાંગી વિકાસ અંતે સમાજની સંતુલિતતા ખોરવે છે.

આજે છોકરીઓ મોટા હોદ્દાઓ પર છે, આર્થિક રીતે પગભર છે એ આનંદની વાત છે. પણ ક્યારેક લાગે છે આર્થિક સ્વતંત્રતાની સ્ત્રીને આકરી કીંમત ચૂકવવી પડે છે. ઘર, પરિવાર અને વ્યવસાયનાં વિવિધ અંગો સંભાળતાં એ થાકી જાય છે અને જિંદગી એના માટે ઢસરડો બની જાય છે. એની કમાવાની ઈચ્છાને પુરુષની કમાવાની ક્રિયા જેટલું જ મહત્ત્વ આપી એને ઘરકામમાં રાહત મળે તેવા ઉપાયો પતિ અને ઘરના અન્ય સભ્યોએ કરવા જોઇએ. પત્નીને ઢસડાવા દઇને પોતે આરામ કરવો એ એક પ્રકારનો ગુનો જ છે.

કમાતી સ્ત્રી એમ સમજે કે તે પૈસા કમાય છે તેથી એણે ઘરકામ કરવું જરૂરી નથી તો તે વિચાર પણ ભૂલ ભરેલો છે. અહીં માત્ર એક સુધારો જરૂરી છે કે તેણે એકલીએ જ ઘરકામ કરવું જરૂરી નથી. તેના પતિએ તેની સાથે એ જવાબદારી ઉપાડવાની છે. વર્ષોનાં વર્ષો સુધી સ્ત્રીના ગળે બાળકો અને ઘરકામને ઘંટીના પડની જેમ બાંધી દઇ એને પરાવલંબિત રાખનારા, એની કીંમત ન કરનારા સમાજના પાપનું પરિણામ ક્યારેક બહુ ગંભીર સ્વરૂપે દેખાય છે. બાળકો ડે-કેરમાં મોટાં થાય છે, અશક્ત વડીલો બોજ બને છે

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

CA હીરાચંદ દામજી દંડ

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા | કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના | ઍડ. શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા | કિરીટ ખેતસી શાહ

શિલ્પાબેન અજાણી | જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૫, અંક : ૦૫, તા. ૦૫-૦૧-૨૦૨૫**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

*અથવા વૃદ્ધાશ્રમ તરફ વળે છે. તેથી જે સ્ત્રીઓ પોતાનો બધો સમય કુટુંબની સુખાકારી માટે આપે છે. તેઓ કાંઈ નથી કરતી' એમ માનવાને બદલે તેમની કદર થવી જરૂરી છે. તેમનું કાર્યક્ષેત્ર કેટલું વિશાળ હોય છે અને તેમને પગાર મળવો જોઇએ એવી ચર્ચાઓ દ્વારા છેવટે તેમની નોંધ લેવાની શરૂઆત થઇ છે.*

*પૈસા જરૂરી છે પરંતુ એક હદ પછી વધુ પૈસા વધુ સુખ આપે છે એવું નથી. જોહન અબ્રાહમે એક વાર કહ્યું હતું 'ગમે તેટલા પૈસા હશે તો પણ હું ત્રણ જ વાર ખાઇ શકીશ.' આપણે આ પૃથ્વી પર સુખી થવા આવ્યા છીએ. સુખી થવાનો માર્ગ સદીઓથી આપણાં ધર્મગ્રંથો ચીંધતાં આવ્યાં છે. ઉપલક રીતે આપણને નથી દેખાતું પણ આપણું જીવન ટકાવવા હકીકતમાં આપણે સૌ એકબીજા પર અવલંબિત છીએ. તેથી સ્વને સંતોષ આપવાની સાથે સાથે સર્વનો વિચાર કરવાનો છે. સમજણ અને સહનશીલતાના ગુણો - જે જતું કરવાની ભાવનાને પોષે છે - બાળકોમાં એમના પોતાના ભવિષ્યના સુખ માટે રેડવા અનિવાર્ય છે. સારું જીવન જીવવા પૈસા જેટલા જ કે પૈસાથી પણ વધુ સદ્‌ગુણો જરૂરી છે. આપણાં બાળકોને આવી સજાગતાથી મોટાં કરશું તો તેઓ પુખ્ત વયનાં થતાં માત્ર મોજ-મજા નહીં, સાચું સુખ અનુભવી શકશે અને એક તંદુરસ્ત સમાજની રચના થશે.*



**શ્રીમતી ચંદ્રિકાબેન ભૂપેન્દ્ર લોડાયા - જખૌ (પુના)**

# પ્રતિભાવ

માનનીય તંત્રી શ્રી હિરાચંદભાઈ દંડ

પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવના સ્મૃતિ વિશેષ અંકની જ્ઞાતિજનો કાગડોળે પ્રતીક્ષા કરી રહ્યા હતા, તે હવે હાથવગું થયું છે. પ્રકાશ સમીક્ષા સમિતિના ટ્રસ્ટ બોર્ડના સદસ્યો, ઉજવણી સમિતિના સદસ્યો, અને સંશોધન સમિતિના સદસ્યોના અથાગ પરિશ્રમથી શાનદાર અંક કાઢેલ છે તે બદલ આપ સૌ હાર્દિક અભિનંદન ને પાત્ર છો. આ ''સ્મૃતિ વિશેષ'' અંક જ્ઞાતિજનોનું યાદગાર સંભારણું બનીને રહેશે.

પ્રકાશની ૧૦૦ વર્ષની સોનેરી સરવાણીમાં શ્રી રમેશ મુલજી લોડાયાએ જે સમાચારો સવિસ્તાર પ્રસ્તુત કરેલ છે એ હકીકતમાં કાબિલેદાદ છે. પહેલાના દસ વર્ષો તો પ્રકાશે અનેક મુશ્કિલોનો સામનો કરેલ, એનો ચિતાર સવિસ્તાર આલેખ્યો છે. તે સમયે જ્ઞાતિના મુઠ્ઠીભર રૂઢિચૂસ્તોનો સામનો કરવો એ જબરદસ્ત પડકાર હતો. ત્યારે જ્ઞાતિની અધોગતિ પરાકાષ્ઠાએ હતી. રૂઢીચુસ્ત શેઠિયાઓ સમક્ષ અવાજ ઉઠાવવો કોઈ રમતવાત ન હતી. એમનો ખોફ વહોરવા કોઈ તૈયાર ન હતું. આવા કટોકટીના સંકટકાલીન સમયમાં થોડા યુવાનોએ જાગૃતિ દર્શાવીને સન ૧૯૨૪માં પ્રકાશને પ્રકાશિત કરવાનું બીડું ઝડપ્યું.

પહેલાં ૫-૬ વર્ષો તો પુસ્તક રૂપે પ્રતિ વર્ષ એક જ અંક પ્રકાશિત કરેલ. પહેલા વર્ષે ૪૦૦ નકલ છપાવી. ફક્ત દસ અનામાં પણ જ્ઞાતિજનોને વેચી ન શક્યા અને કેવી રીતે એનું નિકાલ કરેલ તે લેખ વાંચીને જરૂર જાણજો.

તે સમયે જ્ઞાતિની નારી અબળા હતી, નિર્બળ હતી. એની અંતરની પુકાર અને વ્યથા કોઈ સાંભળનાર નહતું ત્યારે જ્ઞાતિની અનેક વિરાંગનાઓ પોતાના મંતવ્યો પ્રકાશને મોકલતી રહેતી. આવી ક્રાંતિકારી વિરાંગનાઓમાં લેખકે, શ્રીમતી સરલાબેન સુમતિચંદ્રનો ઉલ્લેખ છ  વખત કરેલ છે. મારું સદભાગ્ય છે કે હું દસેક વર્ષનો હતો ત્યારે દોઢ મહિનો પોંડીચેરીમાં રહેલ ત્યારે સરલાબેનને અવારનવાર મળવાનો મોકો મળેલ. એમણે જ્ઞાતિમાં થતા બાળલગ્નો, નાની વયની વિધવાઓની દુર્દશા, શિક્ષણનો અભાવ અને જ્ઞાતિમાં પ્રવર્તમાન અનેક કુરિવાજો વિષે પોતાના મંતવ્યો પ્રકાશ સમીક્ષામાં મોકલ્યા જે જ્ઞાતિ માટે ઉમદા સેવા ગણી શકાય. રમેશભાઈ લોડાયાએ ''સ્મૃતિ વિશેષ'' માં પાન નં ૫૮ પર જણાવેલ વિગત એમના જ શબ્દોમાં...

''એ સમયે ૨૫ વર્ષની યુવા સ્ત્રીઓમાં દર ૧૦૦ સ્ત્રીઓએ ૬૧ વિધવા હતી, જે એ વખતનું સામાજિક જીવન દર્શાવે છે.'' સ્ત્રીઓની આવી ભયંકર દુર્દશા જોઈને ભલભલાને કંપારી છુટે.

પ્રકાશ સમીક્ષાના લીધે જ ફરીથી જ્ઞાતિ ઉચ્ચતમ શિખરો સર કરવામાં સફળ બનેલ છે. આવો સવિસ્તાર લેખ લખવા બદલ હું રમેશ લોડાયાને હાર્દિક અભિનંદન પાઠવું છું.

**- રમેશચંદ જયચંદ નાગડા**

**૯૨૪૧૩૨૩૭૪૧**



# કચ્છ દર્શન



(ભાગ : ૩૪)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ)



શ્રી સુથરી મહાતીર્થ, અબડાસા-કચ્છ.

અમારી બસ હવે સુથરી ગામની વાટે સડસડાટ દોડવા લાગી. કચ્છની કાયાપલટ કરવામાં ૨૦૦૧નાં ધરતીકંપ પછી ગુજરાત રાજ્યની કાયાપલટ કરવામાં નિયુક્ત થયેલ શ્રી નરેન્દ્ર મોદીએ વિકાસમાં સૌનો વિશ્વાસ આમેજ કરી પ્રગતિનાં પંથે હરણફાળ ભરી છે.

અરજણભાઈને ખબર હતી કે અહીં રાત વિસામો છે. સુથરી સાથેના મારા ઘણા સંસ્મરણો છે. મુંબઈથી જ્યારે પણ કચ્છ આવતો તો પ.પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રીજીની મુલાકાત અચુક લેવાતી. પ.પૂ. સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજીની સાથે સત્સંગ થતો. પ.પૂ. વિદ્યુતપ્રભાશ્રીજીએ પોતાના ગુરુ પ.પૂ. નરેન્દ્રશ્રીજી મ.સા. માટે "નરેન્દ્ર નોકા" પુસ્તકમાં સ્તવનો લખી સમાજને અર્પણ કરેલ.

બીજી ત્રણ વ્યક્તિઓનો પણ તમને પરિચય કરાવવો છે પણ પહેલાં અતિથિગૃહમાં સામાન ઉતારી તાજામાજા થઈ અહિની ભોજનશાળામાં ગરમા-ગરમ ખીચડી-કઢી, બાજરાનાં રોટલા સાથે કચ્છી તરેલા મરચા અને સીંગદાણાની ચટણીની જ્યાફત ઉડાવીએ.

સુથરીની ભોજનશાળા વર્ષોથી વખણાય છે. કારણ કે અહીં પાંજરાપોળની ગાયો માંથી વલોણાનું ઘી બનાવવામાં આવે છે. અને તેથી ભોજનશાળામાં ઉત્તમ પ્રકારનું ભોજન પીરસાય છે. સુથરીની ભોજનશાળા છેલ્લા ૧૫ વર્ષમાં અદ્યતન બની છે. અને તેનું શ્રેય શ્રી રાયચંદ હંસરાજ ધરમશીને જાય છે.

સૌ તાજા-માજા થઈ અતિથિગૃહ તરફ આવ્યાં, જ્યાં અરજણભાઈએ બસ ઉભી રાખી હતી. ડૉ. દિનેશ દંડ જવાબદારીપૂર્વક અદ્યતન વિશાળ અતિથિગૃહમાં રૂમો ફાળવવાની ક્રિયામાં વ્યસ્ત હતા. રમજુ સૌને સામાન ઉતારવામાં તેમજ વયસ્કોના સામાન તેમના રૂમો સુધી પહોંચાડવામાં "તકળ" કરી રહ્યો હતો. તેને અને ડ્રાઈવર સાહેબને જમવાનું બાકી હતું. જમ્યા પછી "માણેકચંદ"ની પડીકીને ઓમ સ્વાહા કરવાની હતી.

છેલ્લા ત્રણ-ચાર વર્ષથી માનનીય મુખ્ય પ્રધાન શ્રી ભુપેન્દ્ર પટેલે પણ કચ્છનાં આંતરિયાળ અને સર્વાંગી વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેથી જ સર્વે તાલુકાનાં ગામોને જોડતા માર્ગો આજે સુંદર બન્યા છે. કચ્છનાં લેઉવા અને કડવા પટેલો ઉપર તો એક આખો સંશોધન કરી લેખ લખી શકાય.

ચોકડી પરથી જમણી તરફ વળતાં આગળ એક "ડાયવર્ઝન" આવ્યો જ્યાં નલિયા તરફ જતી ટ્રેન માટે પુલ બની રહ્યો હતો. આવા પૂલો તૈયાર થતાં ભુજથી નલિયા આવવાનું સરળ બનશે. (શ્રી સુથરી તીર્થના હાલના મેનેજર શ્રી જિનેશ અનિલ છેડાએ આ લેખમાં મદદ કરેલ છે. તેમનો હું આભારી છું. (વધુ આવતાં અંકે...)



શેઠશ્રી ભવાનજી નરસી ભોજરાજ છેડા
જીવનગાથા : ઈ.સ. ૧૯૨૪-૨૦૧૫

# મળવા જેવા માણસ...

## ધનંજય જયચંદ ડુંગરશી શાહ (નાગડા)-નલિયા (માટુંગા)



આજે વાચકોને હું ધનંજય શાહનો પરિચય કરાવવા માંગુ છું, જેઓ એક ઉદ્યોગ સાહસિક છે અને નવા વ્યવસાયો શરૂ કરવામાં માને છે, જેને બ્લુ ઓશન સ્ટ્રેટેજી તરીકે ઓળખવામાં આવે છે. તેમણે વિવિધ નવા વ્યવસાયો શરૂ કર્યા છે, અનેક ઉદ્યોગોના પ્રણેતા બન્યા છે. સ્પર્ધાને ટાળવા અને નવા બજારોનો લાભ લેવા માટે અન્ય વ્યવસાયમાં ગયા છે. તેમનો જન્મ હીરાબાઈ જયચંદ ડુંગરશી શાહ (નાગડા), નલિયા (માટુંગા)ના ઘેર થયો હતો.

એન્જિનિયરિંગ પૂર્ણ કર્યા પછી, ધનંજયભાઈ કેબલ કોર્પોરેશન લી. (એપ્રિલ ૯૦ થી મે ૯૨)માં જોડાયા અને પછીથી યુનિફ્લેક્સ કેબલ લી. (જૂન ૯૨ થી ઓગસ્ટ ૯૫)માં જોડાયા. અનુભવ મેળવ્યા પછી, તેમણે ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એન્જિનિયર્સના નામે સરકારી કોન્ટ્રાક્ટ લેવાનું શરૂ કર્યું (સપ્ટે. ૯૫થી ડિસેમ્બર ૨૦૦૩). ધનંજયભાઈનું વિઝન મોટું હતું અને તેથી તેમણે સરકારની ડ્યુટી ફ્રી આયાત નીતિ હેઠળ LCD મોનિટરની આયાત કરવાનો વ્યવસાય શરૂ કર્યો અને તે માટે તેમણે શ્રીલંકામાં ફેક્ટરી શરૂ કરી. આ બિઝનેસ પ્યોરવ્યુ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડના નામ હેઠળ હતો અને તેઓ જાન્યુઆરી ૨૦૦૪ થી ડિસેમ્બર ૨૦૦૭ સુધી કંપનીના એમડી અને સીઈઓ હતા. જ્યારે એલજી અને સેમસંગ જેવી દિગ્ગજ કંપનીઓએ ભારતના બજારમાં પ્રવેશ કર્યો, ત્યારે તેણે આઉટડોર પબ્લિસિટીના બિઝનેસમાં i- gIOOH ના નામે (જાન્યુ ૨૦૦૮ થી માર્ચ ૨૦૧૧) સુધી ઝંપલાવ્યું. આપણે જોઈ શકીએ છીએ કે ધનંજયભાઈએ હંમેશા નવા વ્યવસાયોમાં સાહસ કર્યું છે જ્યાં કોઈ સ્પર્ધા નથી. અને ફરીથી તેઓ વિદ્યાર્થીઓની મોબિલીટીના ખૂબ જ નવા વ્યવસાયમાં ગયા. તેમણે ૨૦૧૨માં Moxshના નામે બિઝનેસ શરૂ કર્યો અને આજે તે ૧૫૦ થી વધુ કર્મચારીઓ અને ૧૫૦ થી વધુ શિક્ષકો અને માર્ગદર્શકો સાથે Moxsh overseas educon Ltd તરીકે ઓળખાય છે. આ કંપની ૨૦૨૩માં શેરબજારમાં લિસ્ટેડ છે અને હાલમાં શેરની કિંમત ૩૯ રૂપિયાથી વધુ છે. KDOની માલિકીની બહુ ઓછી કંપની હાલમાં શેરબજારમાં લિસ્ટેડ છે અને Moxsh તેમાંથી એક છે.

ધનંજયભાઈનો ઉછેર સાત ભાઈઓના સંયુક્ત પરિવારમાં થયો હતો. પરિવારમાં તે સૌથી નાના ભાઈ છે. તેમની પાસે નવા ઉભરતા વ્યવસાયોને સમજવાની, તેનો વિકાસ કરવાની અને નફો કરવાની ક્ષમતા છે. ચાલો ધનંજયભાઈ પાસેથી વધુ જાણીએ.

**પ્ર.સ.:** ધનંજયભાઈ, તમારો બાયોડેટા ખૂબ જ પ્રભાવશાળી છે. તમે કેવી રીતે સમય સમય પર નવા સાહસો શરૂ કરો છો અને તેને સફળતાપૂર્વક ચલાવો છો?

**ધનંજયભાઈ :** હું બ્લ્યુ ઓસનની વ્યૂહરચનાનું પાલન કરું છું. હું અત્યંત સ્પર્ધાત્મક બજારમાં ભાગ પડાવવા લડવાને બદલે નવીન ઉત્પાદનો અને બિનઉપયોગી બજારો શોધવાનો પ્રયાસ કરું છું. જ્યારે ૧૦૦% CRT મોનિટરનો ઉપયોગ થતો હતો ત્યારે મેં ભારતમાં LCD મોનિટર્સ રજૂ કરવાનું વિચાર્યું. જ્યારે એલજી અને સેમસંગ જેવા દિગ્ગજો ભારતના બજારમાં પ્રવેશ્યા ત્યારે મેં બજાર વિકસાવ્યું અને છોડી દીધું. મેં હોમ માર્કેટિંગની શરૂઆત અમદાવાદમાં કરી હતી અને તે ભારતમાં પ્રથમ ડિજિટલ મીડિયા નેટવર્ક હતું. વિવિધ ઇમારતોની નજીક અને એલિવેટર્સમાં ડીજીટલ એલસીડી સ્ક્રીનો મુકવામાં આવી હતી. આ નવો કોન્સેપ્ટ હતો, તેણે ખૂબ જ સારી રીતે કામ કર્યું અને ટાઇમ્સ ગ્રૂપ જેવા જાયન્ટ્સને આ માર્કેટમાં પ્રવેશવા આકર્ષ્યા.

**પ્ર.સ.:** કૃપા કરીને તમારા વર્તમાન પ્રોજેક્ટ વિશે વધુ જણાવો

**ધનંજયભાઈ :** ૨૦૧૨માં મેં તબીબી કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરીને વિદ્યાર્થીઓની મોબિલીટીના વ્યવસાયમાં આગળ વધવા માટે MOKSH ની સ્થાપના કરી. પ્રથમ વર્ષમાં હું વ્યક્તિગત રીતે ૨૦ વિદ્યાર્થીઓને ચીનમાં મૂકવા ગયો હતો

MOKSH આજે ૧૫૦ થી વધુ કર્મચારીઓ અને ૧૫૦ થી વધુ શિક્ષકો અને માર્ગદર્શકો સાથે સફળતાપૂર્વક વિકસ્યું છે. હવે અમે વૈશ્વિક સ્તરે અન્ય શિક્ષણક્ષેત્રોમાં પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છીએ.

મેડિકલ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ રશિયા, ચીન,

નેપાળ વગેરે દેશોમાં અને નોન મેડિકલ અભ્યાસ માટે યુરોપ જાય છે, હવે અમે તે બધાની સેવા કરીએ છીએ. અમે ૨૦૧૮ માં ઓનલાઈન ટ્યુટરિંગ શરૂ કર્યું અને MOKSH ACADEMY શરૂ કર્યું અને આજે તે વૈશ્વિક તબીબી લાઇસન્સ પરીક્ષાની તૈયારી માટે માર્કેટ લીડર છે. ૨૦૨૨ માં MOKSH એ નીચે મુજબ ૩ પેટાકંપનીઓ શરૂ કરી.

ભારતમાં B2B જગ્યા તેમજ વૈશ્વિક વિદ્યાર્થી મોબીલીટી વ્યવસાય માટે XERA.

મેડ્યુક્લિનિક હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડ સમગ્ર ભારતમાં MOKSH એકેડેમી સેવા કેન્દ્રો શરૂ કરશે

MOXSH overseas educon pvt ltd, સિંગાપુર આગમન પછીની બાબતો માટે વિદ્યાર્થીઓને સેવા આપશે.

**પ્ર.સ.:** તમારું કુટુંબ તમારી સાથે વ્યવસાયમાં જોડાયેલું છે?

**ધનંજયભાઈ :** હા, મારી પત્ની પ્રીતિ ડિરેક્ટર - ફાઇનાન્સ છે અને તે એકાઉન્ટ્સ અને બેંકિંગ સંભાળે છે. મારી પુત્રી રૂપાંશી XERA સંભાળી રહી છે. મારી મોટી દીકરી મોક્ષા સ્તવન શાહ પણ બિઝનેસમાં વિવિધ પ્રવૃત્તિઓમાં સાથ આપે છે. હવે યુવાનોએ ધંધામાં આગેવાની લેવાની છે.

**પ્ર.સ.:** તમે ઘણા વર્ષોથી વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે નજીકથી કામ કરી રહ્યા છો. મહેરબાની કરીને આજના યુવાનો વિશે તમારા અભિપ્રાય અને વિચારો જણાવો.

**ધનંજયભાઈ :** યુવા પેઢી ખૂબ જ સ્માર્ટ છે. તેમને સલાહની જરૂર નથી પરંતુ માર્ગદર્શનની જરૂર છે. તેમનો આત્મવિશ્વાસ ખૂબ જ ઊંચો હોય છે અને જો તેઓએ કેટલીક ભૂલો કરી હોય તો તેઓને પસ્તાવો થતો નથી. ભૂલો તેમને વધુ મજબૂત બનાવે છે અને તેઓ તેમના પર કાબુ મેળવે છે.

૨૦૧૫ સુધી માતા-પિતા તેમના બાળકોની કારકિર્દી નક્કી કરતા હતા, ૨૦૧૫ થી ૨૦૧૯ સુધી માતા-પિતા અને બાળકો સાથે મળીને નિર્ણય લેતા હતા અને કોવિડ પછી બાળકો તેમની કારકિર્દી નક્કી કરી રહ્યાં અને માતા-પિતા માત્ર ધન પૂરું પાડે છે.

યુવાનો પર સોશિયલ મીડિયાનું દબાણ, નિષ્ફળતાનો ડર વગેરે ખૂબ જ છે પરંતુ તેઓ આ બધા પર કાબુ મેળવીને સફળતા અને સિદ્ધિઓની નવી ઊંચાઈઓ પર પહોંચશે. આજના યુવાનો માટે જીવન જીવવાની રીત બદલાઈ છે. તેમનામાં વિશ્વાસ રાખો અને તેમને વિકસવા દો.

**પ્ર.સ.:** તમારી ભાવિ યોજનાઓ શું છે?

**ધનંજયભાઈ :** હું સ્વાસ્થ્ય સંભાળ અને કારકિર્દી માર્ગદર્શન પર ખૂબ જ વિશેષ રીતે ધ્યાન કેન્દ્રિત કરીશ. હું મારી દીકરીઓને પણ બિઝનેસ ચલાવવા માટે આગળ વધવાની તક આપીશ. હું મારા કૌટુંબિક વર્તુળથી ખૂબ જ ખુશ છું અને તેમની સાથે વધુ આનંદ માણીશ.

**પ્ર.સ.:** ક.દ.ઓ. યુવાનો માટે તમારો સંદેશ શું છે? અને શું તમે ક.દ.ઓ. વિદ્યાર્થીઓને શિક્ષણ અને કારકિર્દી માટે માર્ગદર્શન આપશો?

**ધનંજયભાઈ :** તમારા મિશનને આગળ ધપાવો અને માત્ર પૈસા પર ધ્યાન કેન્દ્રિત ન કરો. પૈસા બાય પ્રોડક્ટ છે. જો તમે તમારા લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરશો તો પૈસા આપોઆપ આવશે.

ક.દ.ઓ. યુવાનોને માર્ગદર્શન આપવામાં હું કોઈપણ ક.દ.ઓ. યુવાન કરતાં વધુ ખુશ થઈશ. તેઓ મને ceo@moksh16.com પર ઈમેલ કરી શકે છે.

**પ્ર.સ.:** તમે આપેલા સમય માટે આભાર. તમે જે માહિતી આપી છે તે ક.દ.ઓ. યુવાનોને ઘણી ફાયદાકારક રહેશે માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપશે.

**- CA હીરાચંદ દંડ**

# પ્રકાશ સમીક્ષાના લેખકો માટે પુરસ્કાર

પ્રેમધન ફાઉન્ડેશનના શ્રી રાજેશ પ્રેમજી શાહ (લોડાયા)-મોટી સિંધોડી (સાયન) દ્વારા ક.દ.ઓ. યુવા લેખકોને પ્રોત્સાહિત કરવા માટે ૩૫ વર્ષથી નીચેની વયના જ્ઞાતિજનોને પ્રકાશ સમીક્ષામાં વર્ષ ૨૦૨૫માં પ્રકાશિત થનારા દરેક લેખ માટે પુરસ્કાર આપવામાં આવશે. આ ઉપરાંત પ્રેમધન ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૫માં પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થનારા બધા લેખોમાંથી ત્રણ શ્રેષ્ઠ લેખોને પણ પુરસ્કૃત કરવામાં આવશે.

# 'પ્રકાશ' નાં આદ્ય સ્થાપક- શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસીયા

લે. સં. રમેશ મુલજી લોડાયા-ભરૂડિયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭



'પ્રકાશ' (હાલનું પ્રકાશ-સમીક્ષા)ની તાજેતરમાં અસ્તિત્વની શતાબ્દી ઉજવાઈ ત્યારે ચાલો આપણે તેના આદ્ય સ્થાપકને જાણીએ. પ્રમુખ આદ્ય સ્થાપક હતા શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસિયા જેમના જીવન વૃતાંત અને કાર્યોની નોંધ લેતા આપણે શ્રી ક.દ.ઓ. સમાજ ગર્વ લઈ શકીએ. હૈયામાં હામ હોય તો નાનામાં નાનો માનવી પણ શું નથી કરી શકતો? તેનું જ્વલંત ઉદાહરણ એટલે દલતુંગીના શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસીયા.

શિક્ષિત પરિવારમાં તા. ૨.૧૧.૧૯૦૬ના જન્મ. પિતા વીરજી ડાહ્યાભાઈ લાપસિયા, હાલાર વિભાગમાંથી મુંબઈ યુનિવર્સીટીના દ્વાર ખટખટાવનાર અને મેટ્રિક થનાર પહેલી વ્યક્તિ. સોલીસીટર કંપનીમાં મેનેજીંગ ક્લાર્કની નોકરી તથા અનંતનાથજી દેરાસરના ટ્રસ્ટી. શિક્ષણના હિમાયતી અને માસ્તર તરીકે પ્રખ્યાત. એમના બે પુત્રો રતનસી અને લક્ષ્મીચંદ. રતનસીભાઈ, B.A., L.L.B, વ્યવસાયે વકીલાત. અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી તથા મહાજનના ઉપપ્રમુખ અને મંત્રી તરીકેની સેવા આપી. આવા સેવાભાવી પરિવારમાં લક્ષ્મીચંભાઈનો જન્મ એટલે સેવાના અને કર્તવ્યનિષ્ઠાના ગુણો વારસામાં મળ્યા. નવ વરસની ઉમરે લક્ષ્મીચંદભાઈએ પિતાનું છત્ર ખોયું. વડીલ બંધુ રતનસીભાઈની છાયામાં ઉછર્યા.

વિદ્યાર્થી અવસ્થાથી જ સેવાનો આરંભ કરનારા લક્ષ્મીચંદભાઈના જીવનમાં સ્વને બદલે પરનું મોટું સ્થાન. લક્ષ્મીચંદભાઈની જાહેર સેવા પ્રવૃતિનું મંડાણ એસપ્લેનેડ હાયસ્કૂલમાં 'પુઅર બોયઝ ફંડ ' દ્વારા થયું અને પછી આખું જીવન સેવક તરીકે જ વીત્યું. એમણે અંગ્રેજી ધોરણ ૭ સુધી અભ્યાસ કર્યો. 'પ્રકાશ'નાં ઉદય સમયે જ્ઞાતિ જીવનને હાનિકારક અનિષ્ટ પ્રથાઓ તથા કુરિવાજો અને કુરુઢિઓ સર્વત્ર ફેલાયેલી હતી. એકહથ્થુ મહાજનનાં આગેવાનો અને પટેલીયાઓની જોહુકમી અને જ્ઞાતિજનોની અજ્ઞાનતા અને અસહાય સ્થિતિથી એમનું હૃદય દ્રવી ઉઠતું. આવા સંજોગોમાં જ્ઞાતિને ઊંઘમાંથી ઉઠાડવા, જાગૃતિ લાવવા અને સમયના વહેણ સાથે જ્ઞાતિને દોરી જવાના આશયથી એમણે કમર કસી. શ્રી લાપસિયાને રૂઢિ પરંપરામાં ચાલતા યુવાન, રુઢિચક્રમાં ભીંસાતી બહેનો અને દિશા વિનાના આળસુ આગેવાનોને ઢંઢોળવા હતા, ટ્રસ્ટમાં પડી રહેલા નાણાંનો સદુપયોગ કરવો હતો. ચારે તરફ ફેલાયેલા અંધકારમાં પ્રકાશની જ્યોત પ્રગટાવવાની તમન્ના હતી અને તે માટે તેઓ સદાય ચિંતિત રહેતા. જ્ઞાતિ બંધુઓને આ અનિષ્ટોથી ઉગારવા અને વર્તમાન સમયને ઓળખવા, સત્ય સ્થિતિ સમજાવવાના હેતુથી એમને એક જ્ઞાતિ પત્રની જરૂરીયાત જણાઈ.

'પ્રકાશ'ને સાચું સત્ય અને સત્વશીલ સામાયિક બનાવવા ભગીરથ પ્રયાસો કર્યો. સહાધ્યાયીઓ શોધ્યા, એમને જાગૃત કર્યા. અગિયાર સભ્યો દ્વારા ફ્રેન્ડલી યુનિયનની સ્થાપના થઇ તેમાં આદ્ય સ્થાપક તો શ્રી લક્ષ્મીચંદભાઈ જ હતા. એમને બે માસિક ચલાવવાનો અનુભવ અને સુથરીના ન્યુ લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસના માલિક શ્રી માણેકજી ભાણજી ધરમસી સાથે સારી ઓળખાણ. માણેકજીભાઈ સાથે જ્ઞાતિ પત્ર શરૂ કરવાની ચર્ચા કરી. માણેકજીભાઈએ શરૂઆતમાં માસિકને બદલે વાર્ષિક અંક છાપવાની સલાહ આપી અને છ મહિનાની ઉધારીએ છાપી આપવાની તૈયારી બતાવી. લક્ષ્મીચંદભાઈએ ફ્રેન્ડલી યુનિયનના વડીલ મોવડી સભ્ય શ્રી વેલજી પાશ્વીર ગોસર સામે રજુઆત કરી. શ્રી ગોસરને પ્રસ્તાવ પસંદ પડ્યો અને યુનિયનની સભામાં રજુ કર્યો. સર્વેની તૈયારી જોઈ જ્ઞાતિ પત્ર શરૂ કરવાનો પ્રસ્તાવ મંજુર થયો તથા પત્રનું નામ પ્રકાશ રાખવાનું નક્કી થયું. ખર્ચની મુશ્કેલી જરૂર હતી જે ગોરખડીના શ્રી ધર્મસીહ નથુભાઈ ધરમસીએ રૂા. ૨૫૦ આપવાની તૈયારી બતાવતા હલ થઇ ગઈ. આમ 'પ્રકાશ'નો પ્રથમ વાર્ષિક અંક ૫૦૦ નકલ, સં. ૧૯૮૧ (સને ૧૯૨૫) દિવાળીનાં બહાર પડ્યો જેની કિંમત રાખવામાં આવી ૧૦ આના. જ્ઞાતિ તરફથી ઠંડો પ્રતિસાદ મળ્યો, માંડ ૧૦૦ નકલ

વેંચાણી. બાકીની નકલો જ્ઞાતિમાં 'સ્વર્ગસ્થ શેઠ લખમશી હીરજી મૈશેરી તથા સર વસનજી ત્રિકમજી મુલજીના પુણ્ય સ્મરણાર્થે' મફતમાં વહેંચી દીધી અને એની કિંમતના રૂપિયા ૬ સભાસદો- શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસીયા, ડોક્ટર વેલજી પાશ્વીર ગોસર, પુનશી વેરશી શાહ, માણેકજી ભાણજી ધરમસી (પ્રિન્ટર), માણેકજી દામજી ખોના, ત્રિકમજી વેલજી લાપસીયાએ ખિસ્સા ખરચીમાંથી ફાળે પડતી ભરપાઇ કરી. આમ 'પ્રકાશ'નો જન્મ અનેક વેદનામાંથી થયો.

દરેક વિષયમાં એમનું તલસ્પર્શી અભ્યાસ એ એમની ખાસિયત. કામની ધગશ, પરિણામલક્ષી અભિગમ, સત્યના આગ્રહી અને વિઘ્નો સામે ડર્યા વિના જુસ્સાથી લડત આપવાનો એમનો સ્વભાવ. છતાં સૌ પ્રત્યે સામાનભાવ, વિવેકવૃત્તિ તથા સહકારભરી પ્રવૃતિ કરવાની નીતિ. મહાજન સામે એક શબ્દ બોલનારને નાત બહાર કાઢી નાખવાનો એ જમાનો હતો, એવા સમયે રુઢિચુસ્ત આગેવાનો સામે ક્રાંતિનું બ્યુગલ ફૂંકવું એ નાની સુની વાત ન ગણાય. ધારદાર કલમ ચલાવી સામનો કર્યો. કોઈ દબાણ ને વશ ન થયા, જરૂર પડશે તો 'પ્રકાશ' બંધ કરી દઈશ પણ ઝૂકીશ તો નહીં જ એવી હિંમત, વિશાળ દ્રષ્ટિ. કડક સમીક્ષક પણ ઊર્મિશીલ વ્યક્તિત્વ, નવીનતા લાવવાના હિમાયતી, બધું કામ પોતે કરે છતાં જશ ક્યારે પોતે ન લે. વિશાળ કુટુંબ ભાવના અને સમગ્ર સમાજ એમનું કુટુંબ. નીડર વક્તા, પ્રભાવશાળી વ્યક્તિત્વથી અને મળતાવડા સ્વભાવથી પ્રકાશ સાથે સંબંધ ધરાવતું વિશાળ મિત્ર મંડળ એમણે ઊભું કર્યું.

પ્રકાશના સંચાલકો શરૂઆતના વર્ષોમાં નુકસાની ભાગે પડતી વેચી લેતા, પછી બે ચાર શુભેચ્છકોની સહાયથી ચલાવ્યું અને આમને આમ પ્રકાશને જીવંત રાખ્યું. 'પ્રકાશ'ને પગ પર રાખવા શરૂઆતથી ફ્રેંડલી યુનીયન' તેમજ 'પ્રકાશ સમિતિ'ના સભ્યોએ માસિક ફાળો ભરવાની યોજના કરી હતી અને વર્ષો સુધી ફાળો આપવાનું ચાલુ રાખી અને પ્રસંગો અનુસાર ફાળો આપી પ્રકાશને જીવંત રાખ્યું. પ્રકાશને ચલાવવાનું અને ટકાવી રાખવાનું શ્રેય શ્રી લક્ષ્મીચંદ લાપસિયાની તન, મનની સેવાને આભારી છે . શ્રી દેવજી દામજીભાઈ ખોના નોંધે છે કે 'શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસિયાની ધગશ, ચીવટ, ખંત અને જ્ઞાતિદાઝથી 'પ્રકાશ' પ્રગતિ કરતુ રહ્યું. ન્યાય નીતિમત્તાનું ધોરણ જાળવી જ્યાં જ્યાં ઉણપો દેખાઈ ત્યાં પરિસ્થિતિનો સાચો ચિતાર આપી બેધડક રજૂ કરવાની નીડરતા, કુનેહ અને સંયમ દાખવી જ્ઞાતિનું આબેહુબ ચિત્ર રજૂ કરવામાં પ્રકાશ ક્યાં પણ ઉણું ન ઊતર્યું. સમય જતાં 'પ્રકાશ' જેનાં વિના ચાલી ન શકે એ પ્રકારનું અંગ બની ગયું.

એવામાં વિદેશી સરકાર સામે સત્યાગ્રહની રણભેરી વાગી. સમાજ સેવાના રંગે રંગાયેલ આવી વ્યક્તિ રાષ્ટ્રીય હિલચાલથી તો કેમ જ દૂર રહી શકે? લક્ષ્મીચંદભાઈએ નિમકનાં સત્યાગ્રહમાં ઝંપલાવ્યું. ભાત બજારમાં નિમક પકવતા ધરપકડ થઇ અને એક વરસની વિસાપુર જેલની સજા થઇ. પૂ. મહાત્મા ગાંધી સાથે પણ પત્ર વહેવાર કરતા. માંડવી જીલ્લા કોંગ્રેસ કમિટીમાં તેઓએ મંત્રી અને ખજાનચીની સેવા આપેલ.

'પ્રકાશ'ને આશ્રયે બાલકુંજ, લગ્ન ગીત હરીફાઈ, લગ્ન ગીત સંગ્રહ પ્રકાશન, મહિલા અંક, પ્રકાશની રજત જયંતી ઉજવણી વગેરે પ્રવૃતિના પ્રણેતા લક્ષ્મીચંદભાઈ જ હતા. એમના સાહિત્યપ્રેમ, વિશાળ વાંચન તથા ઉચ્ચ કોટિની સાક્ષરતાને કારણે પ્રકાશનું સ્તર, ઉચ્ચ કોટિનું સાહિત્ય તથા વાંચન સમાજને પીરસવામાં 'પ્રકાશ' સફળ રહ્યું. 'પ્રકાશ'ના તંત્રીઓ, સમિતિના મંત્રીઓ, અને સભ્યો વચ્ચે તેઓ સાંકળરૂપ હતા. પોતે હંમેશ પડદાની પાછળ રહ્યા અને સાથીઓને આગળ રાખ્યા. પ્રકાશના જન્મથી ૪૦ વરસ (જીવનના અંત) સુધી 'પ્રકાશ' માટે સક્રિય કાર્ય કરતા રહ્યા.

યુવાન વયે અર્થ પ્રાપ્ત કરવાના અને ધન સંચય કરવાનો જીવન કાળ જતો કરીને સેવાના આદર્શ પાછળ જીવન ન્યોચ્છાવર કર્યું. જ્ઞાતિને સ્વસ્થ અને મજબુત બનાવવા માટે કેળવણી એ એક સાચો માર્ગ છે એવી દઢ માન્યતા અને વિશાળ દ્રષ્ટી ધરાવનારા શ્રી લાપસીયાએ 'પ્રકાશ'ના માધ્યમે કેળવણીનો પ્રચાર, લોક જાગૃતિ, 'બાલકુંજ', શિક્ષણ સમિતિની સ્થાપના, રાત્રી શાળા, શૈક્ષણિક મેળાવડા, પાઠશાળામાં મંત્રીપદ દ્વારા કેળવણી ઉત્થાનમાં અમૂલ્ય યોગદાન આપ્યું. ગામડેથી આવેલ યુવાનો દિવસ આખું તો નોકરી કરે પણ કેળવણી મેળવે તે માટે રાત્રિ શિક્ષણ ચાલુ કર્યું તેમાં નામું, તાર- ટપાલ, ટાઈપીંગ જેવા વિષયો જ્ઞાતિના શિક્ષિત ભાઈઓનાં સહારે ચાલુ કર્યા. ઉચ્ચ શિક્ષણ સમારંભ દ્વારા સફળ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતા. દલતુંગી ગામે શિક્ષકને રહેવા મકાન કોઈ નહોતું આપતું અને સ્કૂલ બંધ થઈ ગયેલ ત્યારે શિક્ષણ પ્રેમી લક્ષ્મીચચંદભાઈએ પોતાનું મકાન આપી સ્કૂલ ચાલુ કરાવી. હાલની 'શિક્ષણ પ્રસારક સમિતિ'ની સ્થાપના

૧૯૪૭માં થઈ પરંતુ તે પહેલા ૧૯૪૧માં એક શિક્ષણ સમિતિ કાર્યરત હતી જેની સ્થાપનામાં શ્રી લાપસીયાની આગેવાની હતી. જ્ઞાતિ શિક્ષણના ઈતિહાસમાં એમની સેવા સુવર્ણાકિંત રહેશે..

આપણી પાઠશાળાના માનદ મંત્રી બન્યા. પાઠશાળાનો સં. ૧૯૮૩ થી સં. ૧૯૯૦ સુધીનો હિસાબ પોતે માનદ્ મંત્રીનો ચાર્જ લીધાના ચાર મહિનામાં જ ટ્રસ્ટીઓ અને કમિટીનાં સભ્યો વચ્ચેના અણબનાવ વચ્ચે માર્ગ કાઢી જાહેર કરી એમની ઉત્તમ કાબેલિયત પુરવાર કરી. પાઠશાળા ૩૭ વરસમાં જે ન કરી શકી તે લાપસીયાએ બે વરસમાં કરી બતાવ્યું. તેમાં એમને સાથ મળ્યો પારસી પ્રિન્સિપાલ શ્રી એસ. એસ. પાવરીનો, જેઓ શિક્ષણશાસ્ત્રના નિષ્ણાત હતા. લક્ષ્મીચંદભાઈની પાઠશાળાના સફળ સંચાલનની રાજ્ય સરકારે નોંધ લેતા મુંબઈ સરકારના નાણાપ્રધાન શ્રી લઠ્ઠે સાહેબ તારીખ ૭.૧૧.૧૯૩૭ ના પાઠશાળાના વાર્ષિક મેળવવામાં આવ્યા હતા ત્યારે જણાવેલ કે 'જ્ઞાતિમાં ચાલતી સંસ્થાઓના વિદ્યાર્થીઓના સંવાદો, નાટિકાઓ, ઈનામ વિતરણ, મેળવડા ભૂતકાળની વસ્તુ બની ગયેલ એવી માન્યતાને લક્ષ્મીચંદ લાપસીયાએ ખોટી ઠરાવેલ છે 'આવા ઉદગારો લક્ષ્મીચંદભાઈની કાર્યશક્તિનો જ્ઞાતિ લેવલે પરચો બતાવે છે. પાઠશાળાને ૧૯૩૯માં હાયસ્કૂલ સુધી લઈ ગયા અને તેનો પહેલો બેચ સને ૧૯૪૩માં મેટ્રીકની પરીક્ષા આપવા ગયેલ.

એવામાં એક કરુણ બનાવ બની ગયો. પાઠશાળાના શિક્ષકે ઈંડું સજીવ છે તે બતાવવા ઈંડાનો લાઈવ પ્રયોગ કર્યો જેનાથી શ્રી લાપસિયા અજાણ હતા. લોકોની ધાર્મિક માન્યતાને બહેકાવવાનો લાભ ઉઠાવી લાપસીયા વિરુદ્ધ અવળો પ્રચાર કર્યો અને કહ્યું કે જો રાજીનામું નહીં આપે તો એમની ચળવળ ચાલુ રહેશે અને પાઠશાળાને નુકસાન થશે તો તે માટે અધિકારીઓ જવાબદાર ગણાશે. સ્કૂલ મેનેજમેન્ટ રાજીનામું સ્વીકારવા તૈયાર ન હતું અને તેઓ સત્યથી વાકેફ હતા તેથી એનું રાજીનામું ન સ્વીકાર્યું, પરંતુ વિરોધીઓએ ખૂબ હંગામો મચાવ્યો. જ્યારે લાપસીયાને લાગ્યું કે આનાથી પાઠશાળાની આબરૂને મોટું નુકસાન થઈ રહ્યું છે એટલે એમણે પોતાનું રાજીનામું સ્વીકારવા દબાણ કર્યું અને રાજીનામું સ્વીકારવાની ફરજ પડાવી. સતત દબાણ અને ખોટા પ્રચાર સામે ઝૂકવાને બદલે પાઠશાળાના મંત્રી પદેથી રાજીનામું આપવાનું પસંદ કર્યું. જે જ્ઞાતિના ઉધ્ધાર માટે ખિસ્સા ખર્ચીની રકમ જતી કરી અને મોજશોખ ઓછા કરી સેવાની આહલેક જગાડેલી તેજ જ્ઞાતિની પ્રવૃતિઓથી દૂર જવું પડયું તે કેવી કરુણતા!! ત્યાર બાદ એમણે જે ખુલાસો આપ્યો એમાં એમણે જણાવ્યું કે 'આ પ્રકરણની પાર્શ્વભૂમિમાં બીજી સંસ્થાઓની ('પ્રકાશ'ના મહાજન/આગેવાનો ઉપરના ઉગ્ર લેખો) મારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા બનાવો અને બીજી વ્યક્તિઓ સાથેના અંગત તેમજ વ્યક્તિગત ઘર્ષણો સિવાય બીજું કશું નથી' એમની સેવાથી પરિચિત જ્ઞાતિએ એમને ૧૯૪૨માં ફરી વાર પાઠશાળાના માનદ્ મંત્રી તરીકે ચૂંટ્યા.

પાઠશાળા, બોર્ડિંગ, ઉદ્યોગશાળા, લાઈબ્રેરી, લોન-શિષ્યવૃત્તિ, બાલમંદિર, આવાસ, મહાજનની સભામાં સક્રિય, મહાજનના બંધારણમાં સુધારામાં અગ્રેસર, કુરિવાજો સામે લડત, રુઢિચુસ્તો, મહાજનના આગેવાનોની એકહથ્થુ સત્તા અને પટેલીયાઓના જુલ્મો સામે બાથ ભીડનાર, સ્વતંત્રતા સંગ્રામ, સ્વંયસેવક મંડળ, વિગેરે ક્ષેત્રે એમનું વિશિષ્ઠ યોગદાન રહ્યું. જ્ઞાતિ યુવા સંમેલન બોલાવવામાં પ્રમુખ ભૂમિકા ભજવી. જ્ઞાતિના બીજા અને ત્રીજા વસતિ પત્રક બહાર પાડવામાં અગ્ર ભાગ ભજવ્યો. દર વરસે પ્રકાશના હિસાબો ઓડીટ કરાવી પ્રકાશિત કરી, પારદર્શક વહીવટનો ઉત્તમ દાખલો બેસાડ્યો..

જ્ઞાતિના અદના સેવકનું તા. ૧૭.૨.૧૯૬૫ના ૫૯ વરસની વયે અવસાન થયું. 'પ્રકાશ'નાં હરીફ જ્ઞાતિના અન્ય પત્ર 'જ્ઞાતિ જ્યોતે' એમના ફેબ્રુઆરી ૧૯૬૫નાં અંકમાં મુખ પૃષ્ઠ પર શ્રી લાપસીયાને અંજલિ આપતા જે નોંધ લખી છે તે લાપસીયાનાં જીવનને મૂલવવા યથાર્થ ગણાશે.. જ્ઞાતિ જ્યોત લખે છે કે જ્ઞાતિના એક અદના સેવક તરીકે ઓળખવાનું પસંદ કરી અને છેવટ લગી એક અદના જ સેવક તરીકે જીવન ગાળનાર આદ્ય સેવક સ્વ. લક્ષ્મીચંદભાઈ આપણી જ્ઞાતિના એક અનન્ય સેવાભાવી કાર્યકર હતા. શૈક્ષણિક પ્રવૃતિઓમાં ઉલટભેર રસ લઇ તેમને જ્ઞાતિના સંસ્કાર સિંચનમાં ઉદાત્ ફાળો આપ્યો છે. પત્રકાર તરીકે કહીએ તો જ્ઞાતિના સૌથી ક્રાંતિકારી વિચારસરણી ધરાવનાર, કાબેલ, મુત્સદી અને નિડર પત્રકાર હતા. નાના નાના કાર્યકરોમાં શી શક્તિ રહી છે અને એ શક્તિને વિક્સાવવા શું શું કરવું જોઈએ તે પારખવાની તેમનામાં એક વિશિષ્ટ દ્રષ્ટી હતી અને જ્ઞાતિના અનેક કાર્યકરો ઘડવામાં - બહાર લાવવામાં એમનો ફાળો નાનોસુનો નથી. એમની અનેકવિધ પ્રવૃતિઓમાંથી કઈ પ્રવૃતિને બિરદાવવી અને કોને ગૌણ ગણવી એ પ્રશ્નનો જવાબ સરળ નથી.

આવા કર્તવ્યશીલ પુરુષનું સેવામય જીવન જ્ઞાતિને બદલે પાટણના જૈન ભાઈઓને ચરણે ધરાયું એ જાણી કદાચ આશ્ચર્ય થશે પણ તેમને ત્યાં જે સુવાસ, નામના તેમજ ચાહના મેળવી અને આપણી જ્ઞાતિનું નામ ગૌરવવંતુ બનાવેલ છે તે ખરેખર નોંધનીય બની સુવર્ણાક્ષરે અંકિત થશે. આપણે છેલ્લા કેટલાક સમયથી જ્ઞાતિની સો સંસ્થાઓ અને તેમના અધિકારીઓ વચ્ચે કોઓર્ડીનેશન કરવાની વાતો-વિચારણા કરીએ છીએ પણ શ્રી લાપસીયાયે એકલા હાથે પાટણની બાર-તેર સંસ્થાઓનું કોઓર્ડીનેશન કરી બતાવી પોતાનામાં રહેલ ઉદત શક્તિનું દર્શન કરાવેલ છે. આવા કોઓર્ડીનેશનનાં અનુભવી મહારથીની સેવાનો અને અનુભવનો લાભ આપણને મળ્યો હોત તો?

એમના અવસાન વખતે 'પ્રકાશ-સમીક્ષા' એમને અંજલિ આપતા નોંધે છે કે હજુ ગઈ કાલ સુધીની જ્ઞાતિની કોઈ પણ યુવક પ્રવૃત્તિ એવી ન હતી કે જેમાં શ્રી લક્ષ્મીચંદ લાપસીયાનું સંચાલન કે આગેવાની ન હોય. આ 'પ્રકાશ'ને સફળ બનાવવામાં મોટું યોગદાન લાપસીયાનું છે. ૪૦ વરસની 'પ્રકાશ'ની સંચાલન અને વહીવટની સફર મોટા ભાગે પોતાના ખભે ઉઠાવી. 'પ્રકાશ સમિતિ'ની રચના થઇ પણ પોતે તો એટલા જ સક્રિય રહ્યા. શ્રી લક્ષ્મીચંદભાઈના કાર્યને બિરદાવતા મુ. શ્રી દેવજી દામજીભાઈ ખોના લખે છે કે 'પ્રકાશ' એટલે શ્રી લાપસિયા અને શ્રી લાપસિયા એટલે પ્રકાશ. 'પ્રકાશ'ની રજત જયંતી ઉજવવામાં એમણે સક્રિય ભાગ ભજવ્યો.

પાટણ મંડળે સ્વર્ગસ્થની સેવાની કદરરૂપે દર મહીને રૂા. ૫૦ એમની વિધવાને આપવાનું મંજુર કર્યું..તેઓ નિઃસંતાન હતા.એમના ભાઈ રતનસીભાઈના પુત્ર જયચંદ રતનસીને દત્તક લીધેલ. આપણો સમાજ ઘર આંગણનાં દીવાની ઉપેક્ષા માટે જાણીતો છે એવું જ આપણા વીરલા માટે થયું. કોઈ પણ કદર કર્યા વગર જ્ઞાતિએ તા. ૬.૩.૧૯૬૫ના અનંત નિવાસમાં શોક સભાથી સંતોષ માન્યો.

જ્ઞાતિ અને જૈન સમાજ કક્ષાએ આટલું અમુલ્ય યોગદાન આપનાર આપણા વડીલને, એમણે વાવેલ રોપ આજે ઘેઘુર વડલો બની શતાબ્દી ઉજવવા સદ્‌નસીબ બન્યું ત્યારે આપણે એમને યાદ કરી એમના જીવનમાંથી પ્રેરણા લઇ એમને સ્મૃતિના પુષ્પો ચડાવીએ.

# પ્રતિભાવ

પ્રકાશ સમીક્ષા સદીયાત્રા નિમીત્તે કોફી ટેબલ બુક સંભવતઃ પ્રથમ વખતની કલ્પના માટે ધન્યવાદ! કલ્કેશનમાં સંગ્રહ કરીને રાખવા જેવી બુક છે.

જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરસી નાથા અને અચલગચ્છાધિપતિ આચાર્ય કલાપ્રભસાગરસૂરીના આશિર્વચન પ્રાપ્ત થયા છે.

ક.દ.ઓ. સમાજના પ્રકાશમય શતાબ્દી યાત્રા નિમીત્તે ઝલક સંગે જ્ઞાતિના મહાનુભાવોની સ્ફૂરણ દે પ્રેરણા દે એવા ચુંનદા જ્ઞાતિજનોની મુલાકાતો રસપ્રદ વાતો.

આપણા વડીલોનો વડલો, એમની ગૌરવગાથાઓ, આદર્શોનું આપણે અભિમાન લઈએ છીએ. આ બુકમાં આ સદીના ધુરંધર મહાનુભાવોનું વ્યક્તિત્વ, પોતાની ઉંચાઈનો ગ્રાફ વધારીને પ્રગતિ અને સેવાના માર્ગે સ્વબળેથી ઉંચુ સ્થાન પામ્યું છે. જ્ઞાતિ સાથે દુનિયાભરમાં નામ ઉજળુ કર્યું છે એમને સલામ! આપણે ઘણા લોકોને જાણીએ પણ બુક વાંચીને બધા પ્રત્યે અહોભાવ થાય. અભિમાન આદર વધી જાય.

લેખક શ્રી સંજયભાઈનું લખાણ, કાર્યકુશળતા શતાબ્દિની આ બુકમાં પરામર્શ કરનાર વ્યક્તિઓને અભિનંદન! મહાનુભાવોના યોગ્ય ટાઈટલ મનને સ્પર્શી ગયા. ભૂતપૂર્વ દરેક કાર્યકર્તાઓને વિશેષ અભિનંદન.

મારી દ્રષ્ટીએ ક.દ.ઓ.ની પ્રકાશ સમીક્ષાની આ દુધપાક બુક છે. સ્વાદ ભુલાય નહીં. આ બુકને આપણી લાયબ્રેરીમાં રાખવાની ફરી ફરી વાગોળવાની ખુબ ગમશે.

**- કાશ્મીરા વિરેંદ્ર લુઠીયા**


**કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય**

જ્યોતિ Matunga (E)

Since 1976

**Special Discount on Clearance Stock Up to 14.1.2025**

Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree

**આરોગ્ય પ્રકાશ**

# અન્ન અને આરોગ્ય – ૨


– ડૉ. વીરચંદ લખમશી નાગડા,

M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**




૧૪) કોળાના બી : કોળા (ડાંગર)ના બીને સૂકવી ખાવાથી પુષ્કળ શક્તિ મળશે, ભરપૂર ખનિજો મેગ્નેશીયમ, કેલ્શિયમ, લોહતત્ત્વ, પ્રોટીન, vit-K મળશે. ડ્રાયફ્રુટ્સથી હલકા હોય છે એટલે પા કપ જેટલા ખાઈ શકાય. નાસ્તામાં ફણગાવેલા મગ, શીંગ-ચણા, ડ્રાયફ્રુટ્સની જેમ ક્યાં પણ ખાઈ શકાય.

૧૫) સૂકા અંજીર : ખાવા ગમે એવા આ ડ્રાયફ્રુટ્સ શક્તિ આપશે સાથે લોહી શુદ્ધ કરશે, શરીરમાંથી મ્યુક્સ અને ટોક્સીન દૂર કરશે, સાકર અને એડીટીવસ્ ઉમેરેલ ન હોય એવા અંજીર પ્રમાણસર ૨-૩ ખાઈ શકો.

૧૬) લાલ મરીનું ફળ (Red Pepper) : આ પાકા મરીના ફળને કેસરી મરી પણ કહે છે. એન્ટીઓક્સિડંટ, vit-A અને C પુષ્કળ હોવાથી પ્રતિકાર શક્તિ વધે, આંખો તંદુરસ્ત રહે, Lycopene નામનું તત્ત્વ કેન્સરથી બચાવે. એને સલાડ સાથે મિક્સ કરી ખાવું વધુ આરોગ્યદાયી.

૧૭) ફુદીનો, તાંદળજો, કરમદા, હાથલા થોરના ડોડવાઃ આ બધા લોહતત્ત્વથી ભરપૂર છે. મોંઘા સફરજન વગેરે કરતાં આ બધા સસ્તા અને વધુ લોહતત્ત્વ ધરાવે છે. કરમદામાં 30 mg જેટલું ભરપૂર લોહતત્ત્વ હોય છે.

૧૮) બાજરી, રાગી (નાચણી), જુવાર : પોષણની રીતે આ બધા ઘઉં, ચોખા કરતા વધુ ઉત્તમ છે. એકલા ન ભાવે તો થોડા થોડા મિક્સ કરી રોટલા વગેરે બનાવી ખાઓ. રાગી અને રાજગરામાં ખજુર નાખી શીરો બનાવી ખાઓ, આરોગ્ય જળવાશે,. ડાયાબિટીસવાળાને મીઠાઈ ખાધાનો સંતોષ પણ મળશે. રાજગરામાં કુદરતી સ્ટેરોઈડ્સ હોય છે. (આદુ, ગોખરૂ, જેષ્ઠી મધ, મેથી અને પોતાના પેશાબમાં પણ કુદરતી સ્ટેરોઈડ હોય છે) મેથીમાં ભરપૂર કેલ્શિયમ હોય છે. આ બધાનો ઉપયોગ કરી આરોગ્ય જાળવો. જવની રોટલી, વજન ઘટાડવા, ડાયાબિટીસ માટે, કેન્સર સામે લડે, પુષ્કળ ફાઈબર મળે, જુની બિમારીઓમાં ફાયદો કરે. ચણાની દાળ અને ચોખા ભીંજવી, પીસી, રોટલી બનાવી અથાણા સાથે ખાઈ ફાયદો મેળવો. જુવારનો લોટ, ઘઉંનો લોટ, ચોખાનો લોટમાં આદુ, મરચાં, મીઠુ, તલ તેલ નાખી રોટલી બનાવી ખાઓ.

૧૯) દાળ અને કઠોળ : પ્રોટીન માટે દાળ એ કઠોળ, દુધ, પનીર કરતાં પણ ચડિયાતા છે. દાળ અને કઠોળ આખી રાત ધોઈને ભીંજવી રાખો તો પ્રોટીન એમાં ડબલ થઈ જાય, બી કોમ્પલેક્સ વધી જાય છે. કઠોળને ફણગાવવાથી એના સત્ત્વો વધશે અને સહેલાઈથી પચે છે. નાસ્તામાં ક્યાં પણ મુઠ્ઠીભર ખાઈ શક્તિ મેળવો.

૨૦) વિટામીન ડી : બાળકોને તલના તેલની માલિશ કરી તડકામાં રમવા દ્યો. પછી નવશેકું દુધ, મિલ્કશેક કે લસ્સી અને ખજુરવાળો રાગીનો શીરો કે લાડુ ખવડાવો એટલે vit-D અને કેલ્શિયમ પૂરેપૂરા મળશે. મોટાઓ પણ તેલ માલીશ કરી તડકામાં બેસી શકે તો બેસે અને ઉપર જણાવેલ ચીજો ખાય તો vit-D, કેલ્શિયમ મળશે. મોટી ઉંમરે ચામડી vit-D ઓછું બનાવે અને કેલ્શિયમ માટે એ જરૂરી એટલે બંનેની અછત થાય એટલે હાડકા પોરસ થઈ ઓસ્ટિઓપોરોસીસ થઈ સાંધા જલ્દી ઘસાય. હાડકા નબળા પડી ફ્રેક્ચર થાય એ ટાળવા તડકામાં શિયાળામા ૧૧-૨ વાગે વધુ vit-D તૈયાર થાય. ઉનાળામાં પોતાની પ્રકૃતિ, સહનશક્તિ પ્રમાણે ૯-૧૦ વાગેના તડકામાં વીસેક મીનીટ રહી ફ્રીમાં vit-D મેળવો.

૨૧) સોયાબીન : પ્રોટીનથી ભરપૂર સોયાબીન શેકી સીંગ-ચણાની જેમ ખાઓ. મોનોપોઝ વખતે સ્ત્રીઓ ખાઈને ફાયદો મેળવે, બાળકોને વજન વધારવા સોયાબીન, મગ, નારિયેળ, કોપરૂ, ગોળ વગેરે આપો.

૨૨) સેલેરી : કોથમીર જેવો સેલેરીનો છોડ કચુંબર બનાવી એમાં રહેલ vit-C, બી કોમ્પલેક્સ, ફાયબર મેળવી, શક્તિ મેળવો, પ્રતિકારશક્તિ વધારો. સોડિયમ અને પોટેશિયમ હોવાથી શરીરનું પાણી બહાર કાઢી, સોજા ઘટાડે, આરોગ્ય આપે, પેટ સાફ થાય, પાચન બરાબર થાય.

૨૩) સ્ટ્રોબેરી, બ્લ્યુ બેરી : ભરપુર એનર્જી અને વિટામીન્સ, ખનિજો ધરાવતા આ ફળ આરોગ્ય આપે. ચામડી, નખ, વાળ ઉત્તમ, કેન્સર થવા ન દે, બ્લ્યુ બેરી મગજના કાર્યો માટે, પરીક્ષા કે ટેસ્ટ આપતા પહેલા ખાઈ ફાયદો મેળવો.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)**

૨૪) અવાકાડો : આરોગ્યદાયી ચરબી ધરાવતુ આ ફળ ભરપૂર રેષા ધરાવે છે, ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે, ચામડીને મુલાયમ, જવાન રાખે, આરોગ્ય જાળવે. એમજ ન ભાવતું હોય તો સલાડમાં ઉમેરી ખાઓ.

આમ શાકભાજી-ફળો વધુમાં વધુ ખાઓ. ડ્રાયફ્રુટ પ્રમાણસર નિયમિત ખાઓ. અખરોટ આખા-૪, બદામ-૫, કાળી અને લાલ કિસમિસ બંને ૧૦-૧૦, જરદાલુ-૧, અંજીર-૧, પિસ્તા-૫, સીંગદાણા-૫ પાણીમાં ભીંજાવી (ભીંજાવવાથી એમાના સત્વો વધે છે, સુપાચ્ય થાય છે) સવારે નિયમિત ચબાવી ખાઈ શકો તો ઉત્તમ નહીં તો પાણી કાઢી મિક્સરમાં ફેરવી, થોડું થોડું પાણી ઉમેરી લીક્વીડ જેવું બનાવી નિયમિત લ્યો. આરોગ્ય જળવાશે. કાજુ ૩-૫ ખાવાથી ઘણા ફાયદા મળે પણ તલેલા, મીઠા, મસાલાવાળા કે કલર, સુગંધ ભળેવેલા નહીં ખાવા, પાંચથી વધુ ખાઓ તો સારું કેલ્સ્ટ્રોલ વધશે, આરોગ્ય જળવાશે. આમ ખોરાકમાં ફેરફાર કરી આરોગ્ય જાળવો.

---

દ્રષ્ટિ કોણ

# પોતાને મળવા માટે પણ અપોઈન્ટમેન્ટ લેવી પડે ...!?

ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨



***ઘણાં મળશે આ મળવા જેવા માણસ, પણ પોતાનાથી મળવા કેમ કરો છો આળસ ?***

આખો દિવસ ભૌતિક સુખ અને પરિવારની જવબદારી માટે સતત કાર્યરત રહેતો માણસ પોતાના માટે સમય કાઢશે ખરો? અન્યો માટે જીવતો માણસ પોતાને માટે ક્યારે જીવશે ખરો? અન્યોને આખો દિવસ કોલ કરી વાતોમાં વ્યસ્ત રહેતો માણસ ક્યારેક પોતાને ફોન લગાડીને જુએ તો ખબર પડશે કે પોતાનાથી વાત થશે ખરી?

